For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરામાં માત્ર નોટિફિકેશન થયું, રાજકોટમાં સ્ટાફ, ટ્રેનિંગ અને ટેકનિકલ સેટઅપ પણ તૈયાર

# આંતરરાષ્ટ્રીય ફ્લાઈટની દોડમાં રાજકોટ આગળ નીકળ્યું, વડોદરા હજુ કોઈ જાતના ઠેકાણા નહિ!

**વડોદરા** એરપોર્ટ કસ્ટમ નોટિફાઇડ થયા બાદ પણ સ્ટાફની જોવાતી રાહ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરાથી સીધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ થવાની વર્ષો જૂની માંગ વચ્ચે હવે વહીવટી પ્રક્રિયાની ધીમી ગતિ ફરી ચર્ચામાં આવી છે. એક તરફ રાજકોટના હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વિદેશી ફ્લાઈટ ઉડાડવાની કવાયત યુદ્ધના ધોરણે ચાલી રહી છે, ત્યારે વડોદરા એરપોર્ટ કસ્ટમ નોટિફાઈડ થઈ ગયું હોવા છતાં હજુ અધિકારીઓના પોસ્ટિંગની રાહ જોઈ રહ્યું છે.



વડોદરા એરપોર્ટ ખાતે અધિકારી ટર્મિનલ મેનેજર આર.ડી.સેન્દ્રે સાથેની વાતચીતમાં સ્પષ્ટ થયું છે કે, વડોદરા એરપોર્ટને કસ્ટમ નોટિફાઈડ જાહેર કરી દેવાયું છે. પરંતુ ત્યારબાદની સૌથી મહત્વની પ્રક્રિયા એટલે કે કસ્ટમ વિભાગના અધિકારીઓની નિમણૂક હજુ થઈ નથી. અધિકારીએ જણાવ્યું હતું કે, કસ્ટમ નોટિફાઈડ તો થઈ ગયું છે, પરંતુ પોસ્ટિંગ કે એપોઈન્ટમેન્ટ અંગે હજુ કોઈ સત્તાવાર આદેશ આવ્યો નથી. આગામી સમયમાં તે પ્રક્રિયા થશે, પરંતુ હાલના તબક્કે કોઈ નિયુક્તિ થઈ નથી. કોઈપણ ડોમેસ્ટિક એરપોર્ટ પરથી સીધી વિદેશી ફ્લાઈટ શરૂ કરવા માટે ચાર મુખ્ય વ્યવસ્થાઓ ફરજિયાત હોય છે - ઈમિગ્રેશન સુવિધા, કસ્ટમ્સ વિભાગની સુવિધા, બીસીએએસના નિયમો મુજબની સુરક્ષા વ્યવસ્થા અને હેલ્થ-ક્વોરન્ટાઈન સુવિધા. સંસ્કારી નગરી અને ઔદ્યોગિક હબ ગણાતા વડોદરા અને સમગ્ર મધ્ય ગુજરાતમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ, ઉદ્યોગપતિઓ અને એનઆરઆઈ વિદેશ પ્રવાસ કરે છે. હાલ વડોદરાવાસીઓને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ પકડવા અમદાવાદ કે મુંબઈ સુધી જવું પડે છે. રાજકોટમાં જે ઝડપે ઈમિગ્રેશન અને કસ્ટમ સ્ટાફની નિમણૂક સાથે પ્રક્રિયા આગળ વધી રહી છે, તેવી જ ઝડપ વડોદરા માટે પણ દાખવવામાં આવે અને વહેલી તકે કસ્ટમ તથા ઈમિગ્રેશન અધિકારીઓનું પોસ્ટિંગ કરવામાં આવે તેવી પ્રબળ માંગ નાગરિકો અને વેપારી આલમમાં ઉઠી છે.

### સૃષ્ટિ ડુપ્લેક્સ પાસે આગ ફાટી નીકળતા લોકોમાં ફફડાટ

# ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ સોસાયટીઓમાં મચી અફરાતફરી

**૧૦ થી** વધુ ફાયર ટેન્ડર અને ૩૦ જવાનોએ કલાકોની જહેમત બાદ કાબૂ મેળવ્યો ,સદનસીબે કોઈ જાનહાની નહીં



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા શહેરના આજવા રોડ પર સયાજીપુરા ગામ સામે સૃષ્ટિ ડુપ્લેક્સ અને ધ પલ્સ સોસાયટી નજીક આવેલા ભંગારના ખુલ્લા ગોડાઉનમાં ગત રાત્રે ભીષણ આગ લાગતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગની જ્વાળાઓ બાજુની સોસાયટીની બાઉન્ડ્રી સુધી પહોંચી જતાં રહેવાસીઓમાં ભય ફેલાયો હતો.

સ્થાનિક રહેવાસી ડો. દીપ્તિ ચારેલના જણાવ્યા મુજબ, રાત્રે ઝઘડા જેવો અવાજ સંભળાયા બાદ અચાનક પાછળના ભાગમાં આગની જ્વાળાઓ જોવા મળી હતી. સ્થાનિકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. વડોદરા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન બ્રિજેશ ઠાકોરના જણાવ્યા મુજબ, ગોડાઉનમાં એક વ્યક્તિ રહેતા હતા. પ્રાથમિક અનુમાન મુજબ ફટાકડા ફૂટવાથી અથવા અન્ય કારણોસર આગ લાગી હોઈ શકે છે. જોકે, આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

ઘટનાની જાણ થતાં ઈઆરસી, પાણીગેટ અને ગાજરાવાડી ફાયર સ્ટેશનની ટીમો સહિત 10થી વધુ ફાયર ગાડીઓ અને આશરે 30 કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર જવાનોએ આગ આસપાસની સોસાયટીઓમાં ન ફેલાય તે માટે ભારે જહેમત ઉઠાવી હતી. કપુરાઈ પોલીસનો સ્ટાફ પણ સ્થળ પર પહોંચ્યો હતો. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી.

# મકરપુરા GIDCમાં કંપની માલિક પર જીવલેણ હુમલો

**ગેટ આગળ** કાર પાર્ક કરવાના મામલે બબાલ, પથ્થર-લાકડાના ઠંડા વડે માર મારી હાથ ભાંગી નાખ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

મકરપુરા જીઆઈડીસી શેડ નં.બી-1, 114/60-419 ખાતે આવેલી એનેઝર રેફ્રિજરેશન એન્ડ ઈલેક્ટ્રીકલ કંપનીના માલિક પર બે અજાણ્યા શખ્સોએ જીવલેણ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. કંપનીના ગેટ આગળ કાર પાર્ક કરવાના સામાન્ય મામલે થયેલી બબાલે ઉગ્ર સ્વરૂપ લીધું હતું અને આરોપીઓએ લાકડાના ઠંડા વડે માર મારી ફરિયાદીનો હાથ ભાંગી નાખ્યો હતો.

ફરિયાદી રેસીલ મેથ્યુ મકરપુરા, તરસાલી વિસ્તારમાં રહે છે. તેઓ કંપની બંધ કરીને બહાર નીકળતા હતા, ત્યારે કંપનીના ગેટ આગળ પાર્ક કરેલી તેમની કાર પાસે બે લોકો ફરતા હતા. ફરિયાદીએ અહીં કેમ ફરો છો? તેમ પૂછતા બંને ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓ પૈકી વાદળી કલરની અડધી બાંયની ટી-શર્ટ પહેરેલા આશરે 30 થી 35 વર્ષના પુરુષે હાથમાં પથ્થર લઈ ફરિયાદીને મારવા જતા ફરિયાદીએ પથ્થર નીચે નખાવી દીધો હતો. ત્યારબાદ પીળા કલરનો ડ્રેસ પહેરેલી આશરે 40 થી 45 વર્ષની મહિલાએ ગાળો આપી ઝઘડો કર્યો હતો, જેથી ફરિયાદી પોતાની કંપનીમાં જતા રહ્યા હતા. રાત્રે 8.20 વાગ્યે ફરિયાદી ફરી કંપની બંધ કરીને બહાર નીકળતા હતા, ત્યારે બંને આરોપીઓ અચાનક લાકડાનો ઠંડો લઈને આવી પહોંચ્યા હતા. આરોપીઓએ ફરિયાદીના માથામાં મારવા પ્રયાસ કર્યો હતો, જેમાં ફરિયાદીએ જમણો હાથ આગળ કરતા હાથના કાંડા થી કોણીની વચ્ચેના હાડકામાં ઠંડો વાગતા ફ્રેક્ચર થઈ ગયું હતું. ફરિયાદી કંપનીમાં ભાગીને જતા રહ્યા હતા, તેમ છતાં આરોપીઓ તેમની પાછળ કંપનીમાં પ્રવેશી ગયા હતા અને દંડાથી માર મારી માથામાં ઈજાઓ કરી હતી.

### દિવાળીનો આનંદ હજુ ઉતર્યો પણ નહોતો ત્યાં પરિવારમાં માતમ છવાઈ ગયો

# બિલ-ચાપડ રોડ પર પુરઝડપે આવતી ડોર ટુ ડોર કચરાની ગાડીએ યુવાનને અડફેટે લેતાં મોત

**નંબર પ્લેટ** વગરની ગાડી, ડ્રાઈવર પાસે લાયસન્સ હતું કે નહીં ? સ્થાનિકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૧૫

દિવાળીનો આનંદ હજુ ઉતર્યો પણ નહોતો ત્યાં બિલ ગામમાં માતમ છવાઈ ગયો. બિલ-ચાપડ રોડ પર વડોદરા મહાનગરપાલિકાની કચરાની ગાડીએ અડફેટે લેતા બિલ ગામના યુવક પ્રવીણભાઈ ઘનશ્યામભાઈ તડવીનું સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ પ્રવીણભાઈ પોતાની માતાને બંગલા પર મૂકીને ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે બિલ-ચાપડ રોડ પર પૂરઝડપે આવી રહેલી કચરાની ગાડીએ તેમને જોરદાર ટક્કર




મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે પ્રવીણભાઈએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. પ્રવીણભાઈ પાછળ વૃદ્ધા માતા અને માત્ર ત્રણ વર્ષનો માસૂમ બાળક મૂકીને ગયા છે. તહેવારના દિવસે જ દીકરો ગુમાવતા માતાનું કાળજું કકળી ઉઠ્યું છે, તો બાળકે નાની ઉંમરે જ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે. અકસ્માત બાદ સ્થાનિકોનો ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ અકસ્માત સર્જનાર કચરાની ગાડી પર નંબર પ્લેટ પણ નહોતી. ડ્રાઈવર પાસે લાયસન્સ હતું કે કેમ, અને તેને કયા ધોરણો હેઠળ રાખવામાં આવ્યો હતો, તે અંગે પણ લોકોએ સવાલો ઉઠાવ્યા છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે, અગાઉ મકરપુરામાં પણ નશામાં ધૂત ડ્રાઈવરે કચરાની ગાડીથી એક યુવકનો ભોગ લીધો હતો. તેમ છતાં તંત્રએ બોધપાઠ લીધો નથી. કોર્પોરેશન દ્વારા બિનઅનુભવી અને બિનઆવડતવાળા ડ્રાઈવરો રાખવામાં આવી રહ્યા છે, જેના કારણે નિર્દોષ નાગરિકોનો ભોગ લેવાઈ રહ્યો છે. ભવિષ્યમાં કોઈ નિર્દોષનો જીવ ન જાય તે માટે કચરાની ગાડીના ડ્રાઈવર સામે કડક કાર્યવાહી કરી, વીએમસી તંત્ર દ્વારા ડ્રાઈવરોની ભરતી અને તપાસમાં કડક નિયમો લાગુ કરવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.

# ટ્રેનમાં ચઢવા જતાં મહિલા મુસાફરનો પગ લપસ્યો, PSI મકવાણા દેવદૂત બન્યા

**ટ્રેન અને** પ્લેટફોર્મ વચ્ચે ઘસડાય તે પહેલાં જ મહિલા મુસાફરને ખેંચી બચાવી, જીઆરપીના PSIની હિંમત અને સમયસૂચકતા થી જીવ બચ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.15

નડિયાદ રેલવે સ્ટેશન પર ફરજ બજાવતા જીઆરપીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી.પી. મકવાણાની સમયસૂચકતા અને હિંમતના કારણે એક મહિલા મુસાફરનો જીવ બચી ગયો હતો. નડિયાદ સ્ટેશન પરથી ટ્રેન પસાર થઈ રહી હતી તે દરમિયાન એક મહિલા મુસાફરે ચાલુ ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, અચાનક પગ લપસતાં તેનું સંતુલન ગુમાવ્યું હતું અને મહિલા ટ્રેનના દરવાજે લટકી ગઈ હતી. પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચે ફસાઈને ઘસડાય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ હતી.

આ સમયે પ્લેટફોર્મ પર પેટ્રોલિંગ કરી રહેલા PSI બી.પી. મકવાણાની નજર મહિલા પર પડતાં જ તેઓ તાત્કાલિક દોડી ગયા હતા અને જીવની પરવા કર્યા વિના મહિલાને પકડીને ટ્રેનના પૈડાં નીચે જતી બચાવી સુરક્ષિત રીતે પ્લેટફોર્મ પર ખેંચી લીધી હતી. PSIની આ સાહસિક કામગીરીથી મહિલા મુસાફરનો અમૂલ્ય જીવ બચી ગયો હતો. ઘટનાને પગલે સ્ટેશન પર હાજર મુસાફરોએ PSI મકવાણાની હિંમત અને માનવતાભરી કામગીરીને બિરદાવી હતી. બીજી તરફ, રેલવે પોલીસ દ્વારા મુસાફરોને ચાલુ ટ્રેનમાં ચઢવા કે ઉતરવા જેવી જોખમી ભૂલ ન કરવા અપીલ કરવામાં આવી છે.

### વાઘોડિયાના જેપુરા પાસે કેનાલમાં ૧૦થી ૧૨ ફૂટનું ભંગાણ સર્જાતા ખેતરો જળબંબાકાર

# કરોડોના ખર્ચે બનેલી દેવ સિંચાઈ કેનાલમાં ગાબડું, પાણી ફરી વળતા શિયાળુ પાકનો નાશ

**હલકી** ગુણવત્તાના બાંધકામ સામે આક્ષેપો અને તંત્રની સંકલનહીનતા ઉજાગર

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૫

વાઘોડિયા તાલુકાના જેપુરા ગામ પાસે ઝીરો નંબરથી દંખેડા તરફ જતી દેવ સિંચાઈ યોજનાની માઈનોર બ્રાન્ચ કેનાલમાં અચાનક મોટું ગાબડું પડવાની ગંભીર ઘટના સામે આવી છે. કરોડો રૂપિયાના જંગી ખર્ચે માત્ર થોડા જ મહિના પહેલા નિર્માણ પામેલી આ નવીન કેનાલ પાણી છોડાતાની સાથે જ તૂટી પડતાં તંત્રની કામગીરી અને કોન્ટ્રાક્ટરની લાપરવાહી સામે મોટા સવાલો ઊભા થયા છે. કેનાલમાં આશરે ૧૦ થી ૧૨ ફૂટ જેટલું મોટું ગાબડું પડતાં હજારો લીટર પાણી આસપાસના ખેતરોમાં ફરી વળ્યું હતું, જેના કારણે અન્નદાતાઓની વર્ષભરની મહેનત પાણીમાં ગઈ છે.

કેનાલનું પાણી અચાનક ખેતરોમાં ઘૂસી જવાથી તુવેર, વાલ, મકાઈ અને પપૈયા જેવા અસંખ્ય શિયાળુ પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. સ્થાનિક ખેડૂતોએ રોષ વ્યક્ત કરતા આક્ષેપ કર્યો છે કે બાંધકામ વખતે ભારે અનિયમિતતાઓ આચરવામાં આવી છે અને હલકી ગુણવત્તાનું મટીરિયલ વાપરવામાં આવ્યું હોવાને કારણે જ આટલા ટૂંકા સમયમાં કેનાલ ધરાશાયી થઈ છે. ખેડૂતોએ વેદના ઠાલવતા જણાવ્યું હતું કે, “અમને આ કેનાલથી સિંચાઈનું પાણી મળવાની મોટી આશા હતી, પરંતુ પાણી મળવાને બદલે અમારા ઊભા પાક ધોવાઈ ગયા અને ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે.” હાલ ખેડૂતો પડતા પર પાટુ જેવી કપરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

આ ગંભીર મામલે ઘટનાસ્થળેથી જ દેવ સિંચાઈ યોજનાના કાર્યપાલક ઈજનેરનો ટેલિફોનિક સંપર્ક સાધવામાં આવ્યો હતો. જવાબદાર અધિકારીએ હાલ દિલ્હીથી સેન્ટ્રલ વોટર કમિશનના સેક્રેટરી આવ્યા હોવાથી તેમની લાયઝનિંગ ડ્યુટીમાં વ્યસ્ત હોવાનું જણાવી અજાણતા વ્યક્ત કરી હતી. જોકે, તેમણે તાત્કાલિક ફિલ્ડ સ્ટાફને સ્થળ પર મોકલીને વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવી સમારકામની ત્વરિત કાર્યવાહી કરવા ખાતરી આપી હતી. બીજી તરફ, કેનાલમાં પાણી છોડાયા બાદ મોટું ગાબડું પડ્યું અને મુખ્ય અધિકારીઓને તેની કોઈ જ પૂર્વ જાણ ન હોવાથી તંત્રની આંતરિક સંકલનહીનતા અને બેદરકારી સામે ખેડૂતોમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે. આ સમગ્ર પ્રકરણમાં નિષ્પક્ષ તપાસ કરી જવાબદારી નક્કી કરવામાં આવે અને પ્રભાવિત ખેડૂતોને યોગ્ય આર્થિક વળતર ચૂકવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

# મકરપુરા સ્ટેશને માલગાડીના કન્ટેનર પર ચઢેલા યુવકને વીજ કરંટ લાગ્યો

**કલાકો** સુધી કન્ટેનર પર જ રહ્યો યુવક, રીલ બનાવવા ચઢ્યો હતો કે કેમ? પોલીસ તપાસ શરૂ



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા શહેરના મકરપુરા રેલવે સ્ટેશન પર ચોંકાવનારી ઘટના બની હતી. આશરે 18 થી 20 વર્ષનો એક યુવક માલગાડીના કન્ટેનર પર ચઢી જતાં તેને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, યુવક કલાકો સુધી માલગાડીના કન્ટેનર પર જ રહ્યો હતો. ઘટનાની જાણ થતાં જ રેલવે અને પોલીસ તંત્ર ઘટનાસ્થળે દોડી ગયું હતું અને યુવકને નીચે ઉતારવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. યુવક માણેજા ક્રોસિંગ નજીક આવેલી શિવા બી લક્ઝુરિયામાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે. હાલ સૌથી મોટો સવાલ એ છે કે યુવક માલગાડીના કન્ટેનર પર કેવી રીતે પહોંચ્યો અને તેને કયા સંજોગોમાં વીજ કરંટ લાગ્યો. શું યુવક સોશિયલ મીડિયા પર રીલ બનાવવાના પ્રયાસમાં માલગાડી પર ચઢ્યો હતો કે પછી આ ઘટના પાછળ કોઈ અન્ય કારણ છે? તે તપાસનો વિષય છે. હાલ યુવાનોમાં સોશિયલ મીડિયા પર રીલ બનાવવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે.

આવા જોખમી સ્ટંટ અને બેદરકારીભર્યા પ્રયાસો જીવલેણ સાબિત થઈ શકે છે. યુવક સાથે બનેલી આ ઘટનાનું સાચું કારણ પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

### વિડીયો કોલ પર તમારું પાર્સલમાં ડ્રગ્સ મળ્યું છે કહી કરોડો પડાવતો

# નકલી પોલીસ ઈન્સ્પેકટર બની લોકોને ડરાવતો ઠગ ઝડપાયો

**મુંબઈ** પોલીસ, ઈન્ડિયા પોસ્ટના નામે ધમકી, પિતા સાથે મળી કંપનીના ખાતામાં કરાવતો હતો ટ્રાન્સફર



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

પોતાને પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ઓળખાવી લોકોને વિડીયો કોલ કરી મની લોન્ડરિંગ, આર.બી.આઈ. અને ડ્રગ્સ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી કરોડો રૂપિયા પડાવી લેતી ટોળકીના મુખ્ય આરોપીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે.

ઝડપાયેલો આરોપી મકરપુરા, નીલકંઠ રેસીડેન્સીમાં રહેતો 33 વર્ષીય બ્રિજેશ રામચંદ્ર પટેલ છે. ભેજાબાજ પહેલા ફરિયાદીના મોબાઈલ પર કોલ કરતા, પોતાને ઈન્ડિયા પોસ્ટ ઈન્ટરનેશનલ સર્વિસનો અધિકારી તરીકે ઓળખાવી કહેતા કે, તમારું પાર્સલ મુંબઈ એલ.ટી. માર્ગ પોલીસ સ્ટેશન દ્વારા સીઝ કરાયું છે, તેમાં ડ્રગ્સ મળ્યું છે. ત્યારબાદ પોલીસ યુનિફોર્મ, આઈ-કાર્ડ બતાવી વિડીયો કોલ કરતા અને મુંબઈ પોલીસના ઈન્સ્પેક્ટર તરીકે વાત કરી ડરાવતા. ભયમાં મુકાયેલા લોકો પાસેથી અલગ-અલગ બેંક એકાઉન્ટમાં ઓનલાઈન બળજબરીથી રૂપિયા ટ્રાન્સફર કરાવતા હતા. તપાસમાં સામે આવ્યું છે કે, આ ટોળકીએ એક કિસ્સામાં ઓનલાઈન ઠગાઈ કરી આશરે 1 કરોડ 20 લાખ 8 હજાર રૂપિયાથી વધુની રકમ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા સગેવગે કરી હતી. આ માટે આરોપી અને તેના પિતાએ કલાદર્શન ચાર રસ્તા ખાતેની એક્સીસ બેંકમાં આરપીસીએલ ઈન્ડિયા પ્રા.લી. નામની કંપનીના નામે ખાતું ખોલાવ્યું હતું અને તે ખાતાનો ઉપયોગ ઠગાઈના નાણા મેળવવા માટે કરતા હતા. બીજા બે કિસ્સામાં કચ્છના આદિપુર અને ગાંધીધામના ફરિયાદીઓ પાસેથી અનુક્રમે 36.63 લાખ અને 36.53 લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ ટોળકી સામે વડોદરાના અકોટા અને પાણીગેટ ઉપરાંત કચ્છના આદિપુર અને ગાંધીધામમાં પણ ગુના નોંધાયેલા છે. આરોપી વાઘોડિયા રોડ વિસ્તારમાંથી પસાર થવાનો હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવી વાડા તેલ ફાટક ખાતેથી તેને ઝડપી પાડ્યો હતો.

### ફેબ્રુઆરી અને મે મહિનામાં સૌથી વધુ લગ્નપ્રસંગો, ૯ મેના અખાત્રીજના વણજોયા મુહૂર્તનો પરિવારોને લાભ મળશે

# વિક્રમ સંવત ૨૦૮૩માં ૬૧ શુભ મુહૂર્તે ગુંજશે શહેનાઈ

**મીનર્ક** કમુહૂર્તા અને ચાતુર્માસને કારણે અમુક સમયગાળામાં લગ્નો પર વિરામ, વડોદરામાં અત્યારથી તૈયારીઓ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વિક્રમ સંવત ૨૦૮૩માં લગ્નપ્રસંગોની તૈયારીઓ કરી રહેલા પરિવારો માટે ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે, જેમાં આ વર્ષે અંદાજે ૬૧ જેટલા લગ્નના શુભ મુહૂર્ત આવી રહ્યા છે. વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં લગ્નના આયોજન માટે થનગની રહેલા પરિવારોમાં આ માહિતીથી આનંદની લાગણી જોવા મળી રહી છે, કારણ કે આ વર્ષે લગ્નના શુભ દિવસોની સારી સંખ્યા ઉપલબ્ધ છે. જોકે, ગુરુગ્રહની સ્થિતિ અને ચાતુર્માસના કારણે વર્ષ દરમિયાન અમુક ચોક્કસ




સમયગાળામાં લગ્નપ્રસંગો યોજી શકાશે નહીં. ખાસ કરીને ફેબ્રુઆરી અને મે મહિનામાં લગ્નના સૌથી વધુ શુભ મુહૂર્ત હોવાથી આ બે મહિનામાં લગ્નપ્રસંગોની ભારે ધૂમ રહેશે અને ઠેર-ઠેર શહેનાઈઓ ગુંજતી જોવા મળશે.

જ્યોતિષ આચાર્ય પ્રદીપ પંડ્યા ના જણાવ્યા અનુસાર, વર્ષના પ્રારંભમાં ગુરુગ્રહ સિંહ રાશિમાં હોવાથી ગંગા નદીથી ગોદાવરી નદી વચ્ચેના વિસ્તારમાં લગ્ન થઈ શકતા નથી. ત્યારબાદ તા. ૨૪ જાન્યુઆરી ૨૦૨૭થી ગુરુગ્રહ વક્રી ગતિમાં કર્ક રાશિમાં પ્રવેશ કરશે અને ત્યારબાદ લગ્નના શુદ્ધ મુહૂર્ત શરૂ થશે. જોકે, નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં લગ્નનું આયોજન કરનારા પરિવારો ગુરુગ્રહની પૂજા અને જપ કરાવીને લગ્નપ્રસંગ યોજી શકે છે. વર્ષ દરમિયાન ૧૧ ફેબ્રુઆરીના ગુરુવારે વસંત પંચમી અને ૯ મેના રવિવારે અખાત્રીજના વણજોયા મુહૂર્ત છે. આ બંને તહેવારો લગ્ન માટે અત્યંત શુભ માનવામાં આવે છે અને ખાસ કરીને અખાત્રીજના દિવસે આ વર્ષે સૌથી વધુ લગ્નોનાં ઢોલ વાગશે. વડોદરામાં પણ અખાત્રીજ અને વસંત પંચમી જેવા પવિત્ર દિવસોએ મોટી સંખ્યામાં લગ્નોત્સવ યોજાય તેવી શક્યતા છે.

#### કમુહૂર્ત અને ચાતુર્માસ વચ્ચે લગ્નનું ગણિત વડોદરાના પરિવારો માટે મહત્વના પડાવ

વિક્રમ સંવત ૨૦૮૩માં કુલ ૬૧ શુભ મુહૂર્ત વચ્ચે ગ્રહગોચરના નિયમો પણ લગ્નના આયોજન પર સીધી અસર કરશે. ૧૧ ફેબ્રુઆરીએ વસંત પંચમી અને ૯ મેના અખાત્રીજ જેવા વણજોયા મુહૂર્ત લગ્નસરાને વેગ આપશે, પરંતુ ૧૫ માર્ચથી ૧૪ એપ્રિલના મીનર્ક કમુહૂર્તા તથા ૧૫ જુલાઈથી ૨૦ નવેમ્બરના ચાતુર્માસ દરમિયાન લગ્ન પર વિરામ રહેશે. વડોદરાના પરિવારોએ પોતાના આયોજનને સફળ બનાવવા માટે ફેબ્રુઆરી, મે અને જૂનના શરૂઆતના દિવસો તેમજ ગ્રહશાંતિના નિયમોને ધ્યાનમાં રાખીને અત્યારથી જ તૈયારીઓ ગોઠવવી હિતાવહ રહેશે.

બીજી તરફ, ૧૫ માર્ચથી ૧૪ એપ્રિલ સુધી મીનર્ક કમુહૂર્તા હોવાથી આ સમયગાળા દરમિયાન લગ્નપ્રસંગો યોજી શકાશે નહીં. ૨૫ જૂનથી ગુરુગ્રહ ફરી સિંહ રાશિમાં પ્રવેશ કરશે, જ્યારે ૧૫ જુલાઈથી ૨૦ નવેમ્બર સુધી ચાતુર્માસ રહેશે. આ સમયગાળા દરમિયાન પણ લગ્નના મુહૂર્તો નહીં હોવાથી દેવદિવાળી બાદ ફરી લગ્નપ્રસંગોની શરૂઆત થશે.

### ન્યાય નહીં મળે તો કલેક્ટર કચેરીએ આમરણ ઉપવાસ અને કોર્ટમાં જવાની ગ્રામજનોની ચીમકી

# ટુંડાવમાં મહિલા સરપંચ સામે બોગસ દસ્તાવેજો અને જાતિ પ્રમાણપત્રનો વિવાદ

**બેવડી** ઓળખ, મલ્ટિપલ ચૂંટણી કાર્ડ અને રેશન કાર્ડના આક્ષેપો સાથે ગ્રામજનો આંદોલનના માર્ગે

(પ્રતિનિધિ) સાવલી તા.15

સાવલી તાલુકાના ટુંડાવ ગામમાં મહિલા સરપંચની ચૂંટણી અને તેમની ઓળખને લઈને મોટો વિવાદ સર્જાયો છે. વર્તમાન મહિલા સરપંચ સામે બેવડી ઓળખ, એકથી વધુ ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ અને શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રના આધારે ચૂંટણી લડ્યાના ગંભીર આક્ષેપો થયા છે. ગામના જાગૃત યુવાનો, ગ્રામજનો અને સ્થાનિક આગેવાનોએ આક્ષેપોની નિષ્પક્ષ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરી છે.

સ્થાનિક રહેવાસી કમલેશભાઈ રમણભાઈ પરમારે જણાવ્યું હતું કે, સરકારી દસ્તાવેજોમાં મહિલા સરપંચનાં બે અલગ નામ ‘પસીબેન ગોવિંદભાઈ પરમાર’ અને ‘રૂક્ષાના બીબી અનવર સાદિયા’ દર્શાવાયાં છે. આ ઉપરાંત વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારનાં અલગ-અલગ સરનામાં પરથી ત્રણ ચૂંટણી કાર્ડ અને ત્રણ રેશનકાર્ડ હોવાનો પણ દાવો કર્યો હતો. આધારકાર્ડમાં આજવા રોડનું સરનામું દર્શાવાતું હોવાનો ઉલ્લેખ કરી જાતિ પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા સામે પણ સવાલો ઉઠાવ્યા છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે તલાટી, ચૂંટણી અધિકારી અને મામલતદારની મિલીભગત વિના આવા દસ્તાવેજો બનવા શક્ય નથી. સરપંચની બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત હોવાથી શંકાસ્પદ પ્રમાણપત્રના આધારે ચૂંટણી લડી સ્થાનિક ઉમેદવારોને અન્યાય થયો હોવાનો પણ આક્ષેપ કરાયો છે. છેલ્લા એક વર્ષથી રજૂઆતો છતાં કાર્યવાહી નહીં થયાનો ગ્રામજનોએ રોષ વ્યક્ત કર્યો હતો.

ગ્રામજનો દ્વારા મામલતદાર અને કલેક્ટર કચેરીમાં દસ્તાવેજો સાથે અરજીઓ કરવામાં આવી છે. વહેલી તકે નિષ્પક્ષ તપાસ નહીં થાય તો વડોદરા કલેક્ટર કચેરી સામે આમરણ ઉપવાસ, ઉગ્ર આંદોલન અને કોર્ટમાં જવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. ગ્રામજનોએ બંધારણીય હકોની રક્ષા માટે લડત ચાલુ રાખવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.